ટપક E-MAGAZINE

Volume 4, Issue 02
May
2026

૨૯ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## સ્ટાફ સમીક્ષા અને આયોજન બેઠક

કોટનકનેક્ટ ટીમ દ્વારા સ્ટાફ સમીક્ષા અને આયોજન બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૭ મે ૨૦૨૬ના રોજ હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ ટ્રેનીંગ હોલ ખાતે ચિતલ, લાઠી અને ખાંભા ક્લસ્ટર ટીમ તેમજ ૨૦ મે ૨૦૨૬ ના રોજ ગાંગડા સ્થિત ભગીરથ હોટેલ ધોકડવા અને ટીંબી ક્લસ્ટર ટીમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન વિવિધ કામગીરીની માસિક સમીક્ષા કરવામાં આવી તેમજ આગામી સમયગાળા માટેની પ્રવૃત્તિઓ, લક્ષ્યો અને કાર્યયોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા અને આયોજન કરવામાં આવ્યું.








**આયોજિત પ્રવૃત્તિઓ મુજબ ખેડૂત મુલાકાત, LG મીટિંગ, માટી નમૂનાના રીપોર્ટનું વિતરણ અને ભલામણો પર ચર્ચા, ખેડૂતોની પ્રોગ્રામેટિક અને વાવણી પેલાની તાલીમ, માટીના નમૂના એકત્રીકરણ, જેન્ડર સમિતિની મીટિંગ, ઉદ્યોગસાહસિક મુલાકાત, NIC ખેડૂત મુલાકાત, બાયો ઈનપુટ સેન્ટર મુલાકાત, કૂવાનું નિરીક્ષણ, SWC સાઇડની મુલાકાત અને મેપિંગ, માસિક મીટિંગ અને વિશ્વ મજૂર દિવસની ઉજવણી કાર્ય વિસ્તારમાં કરવામાં આવી હતી.**




























**દામનગર ખાતે આયોજિત મેડિકલ કેમ્પ અને રક્તદાન કેમ્પમાં PU INGJ48 ના ટીમ સભ્યોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સેવા આપી તથા રક્તદાન કર્યું. કેમ્પ દરમિયાન કુલ ૧૧૪ લાભાર્થીઓએ આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો.**










**ગળકોટડી ગામમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી મહિલા તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. તાલીમ દરમિયાન મહિલાઓને મૂલ્યવર્ધિત ખાદ્ય પદાર્થોના ઉત્પાદન અને પ્રોસેસિંગ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તાલીમ દ્વારા મહિલાઓમાં કૌશલ્ય વિકાસ, સ્વરોજગારની તકો અને આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન મળ્યું.**












## કાર્ય વિસ્તારના લાઠી, તાજપર, શેખપીપરિયા અને કેરીયા સહિતના ચાર ગામોમાં એરંડીના ખોળના વિતરણ માટે લાભાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવી અને કુલ ૧૧૪૬ બેગનું વિતરણ કરવામાં આવ્યું.





**આ ઉપરાંત કાર્ય વિસ્તારમાં વિવિધ કામગીરી અંતર્ગત ગોડાઉન યોજના માટે ખેડૂતોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી. પ્રતાપગઢ ગામે તળાવ ઊંડા કરવાની કામગીરીની મુલાકાત લઈ ખેડૂતોને આ માટી ઉપલબ્ધ કરાવવા અંગે જરૂરી માહિતી મેળવી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ સબસિડી, બિયારણ માટેના ફોર્મ ભરવા તેમજ ફાર્મર રજિસ્ટ્રી સંબંધિત કામગીરીમાં ખેડૂતોને સહાય પૂરી પાડવામાં આવી.**







૧૯ મે ૨૦૨૬ ના રોજ, ચમારડી ગામના 30 ખેડૂતોએ કેવીકે દ્વારા આયોજિત જમીનની તૈયારી અંગેની તાલીમમાં ભાગ લીધો.



રાંઢીયા, પ્રતાપપરા, જસવંતગઢ અને ખીજડિયા રાદડિયામાં નેચરલ ઈનપુટ સેન્ટરની સ્થાપના કરવામાં આવી.



ટપક E-MAGAZINE
Volume 4, Issue 02
May 2026

**૧૮ મે ૨૦૨૬ ના રોજ કેવીકે(JAU), અમરેલી અને કોટનકનેક્ટના સંયુક્ત ઉપક્રમે કપાસની ખેતીના કૃષિ પાસાઓ પર તાલીમ આપનારા તાલીમાર્થીઓની એક દિવસીય તાલીમ કેવીકે(JAU) અમરેલી ખાતે યોજાઈ. આ ToT માં PU ING14, ING27, ING45, INGJ4 અને ING48ની ફિલ્ડ ટીમના સભ્યો સહભાગી થયા હતા.**









ટપક E-MAGAZINE
Volume 4, Issue 02
May 2026

# ગ્રામીણ સમુદાયોની આત્મનિર્ભરતા અને સ્થિતિસ્થાપકતામાં સુધાર કાર્યક્રમ

**૮ ગામોમાં ૩૧૨ સહભાગીઓ સાથે જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ પંચાયતની રચના અને કામગીરી અને GPDP આયોજન પ્રક્રિયા, આબોહવા પરિવર્તનની અસરો અને આબોહવા સંબંધિત જોખમો ઘટાડવા માટે સમુદાયો શું પગલાં લઈ શકે છે, પાણી સંરક્ષણનું મહત્વ, વૃક્ષારોપણ, સજીવ ખેતી અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ જેવી માહિતી આપવામાં આવી હતી.**


















ટપક E-MAGAZINE
Volume 4, Issue 02
May 2026

**કાર્ય વિસ્તારના વિવિધ હિસ્સેદારો સાથે મહિના દરમિયાન બે તાલીમોનું આયોજન કરવામાં આવ્યું હતું. એક તાલીમ મહિલાઓની આજીવિકા વધારવા અને આત્મનિર્ભરતા માટે યોજવામાં આવી હતી અને બીજી વિવિધ સરકારી અને પંચાયત યોજનાઓ, GPDP પ્રક્રિયા અને આબોહવા અનુકૂલન પદ્ધતિઓની સમજને મજબૂત કરવા માટે યોજવામાં આવી હતી.**








**૪ ગામોમાં કોમન રિસોર્સ મેનેજમેન્ટ પ્લાન અને વોટર બજેટિંગ પર તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ તાલીમમાં ૧૭૪ લોકો સહભાગી થયા હતા. તાલીમ દરમિયાન સંસ્થાના ટેકનિકલ નિષ્ણાતે ગામમાં પાણીના સ્ત્રોતો, પ્રવાહ અને ઉપયોગ સમજાવ્યો હતો અને અસરકારક જળ સંસાધન વ્યવસ્થાપનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. એકંદરે, આ કાર્યક્રમથી લોકોને સામૂહિક પ્રયાસોના મહત્વ વિશે જાગૃતિ ફેલાવી અને સમુદાયોને જળ સંસાધનોના કાર્યક્ષમ સંરક્ષણ અને ઉપયોગ માટે ટકાઉ પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા.**







**ડિજિટલ યુટ્યુબ પ્લેટફોર્મ દ્વારા ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકાના નવ અલગ અલગ ગામોમાં ખેડૂત તાલીમ કાર્યક્રમોનું આયોજન કર્યું, જેમાં ૨૭૬ તાલીમાર્થીઓએ ભાગ લીધો. આ તાલીમનો મુખ્ય વિષય "ચોમાસા પહેલાની જમીન વિકાસ પ્રવૃત્તિઓ અને ખરીફ ઋતુના પાક માટે વાવણી પહેલાની કૃષિ પદ્ધતિઓ" હતો. કાર્યક્રમ દરમિયાન, અમરેલીના નાયબ કૃષિ નિયામક (વિસ્તરણ) શ્રી બી. એચ. પીપળીયા અને કોટડા સાંગાણી તાલુકાના વિસ્તરણ અધિકારી શ્રી એ. જે. મુલિયાએ ખેડૂતોને મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું.**






**ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા તાલીમ ઘટક હેઠળ અમારી ટીમે ૭૬ સહભાગીઓ સાથે ૩ ગામોમાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા પર તાલીમ કાર્યક્રમ પૂર્ણ કર્યો.**






કાર્યક્રમ અંતર્ગત ૧૯૩ ખેડૂતોને જીપ્સમ ખાતરનું વિતરણ કરવામાં આવ્યું, જેથી ખરીફ સિઝનમાં પાક ઉત્પાદન અને આવકમાં વધારો થાય. આ ઉપરાંત ૧૬ ખેડૂતોને શાકભાજી પાક માટે ટ્રેલિસ સિસ્ટમ અને ૧૫ ખેડૂતોના કૂવા રિચાર્જની કામગીરી હાથ ધરવામાં આવી તેમજ ૧૦૦ ખેડૂતોને સંકલિત પોષણ વ્યવસ્થાપન માટે સામગ્રી પૂરી પાડવામાં આવી.












૫ ગામોમાં સીએલસી બેઠક યોજી પ્રોજેક્ટ પ્રવૃત્તિઓની સમીક્ષા, આયોજન અને ખેડૂતોની સમસ્યાઓ અંગે ચર્ચા કરવામાં આવી.



**વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરી ખેડૂતોને વાવણી પહેલા જમીન તૈયારી, બીજ પસંદગી અને પાક વ્યવસ્થાપન, પાણી સંરક્ષણ, સજીવ ખેતી અને આધુનિક કૃષિ પદ્ધતિઓ અંગે સમાજ બનાવવા પ્રયાસ થયો જેમાં ૩૮૫ ખેડૂતો હાજર રહ્યા હતા.**









**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**